Gujarat Samachar Pg 11, 07th Jan 2022

# ટીકર પ્લાન્ટે ક્રિપ્ટો વાયર ક્ષેત્રે વિકાસ વૃદ્ધિ માટે ગુગલ ક્લાઉડ સાથે કરેલા કરાર

મુંબઈ,તા.૬

૬૩ મૂન્સ ટેક્નોલોજીસ લિમિટેડની પેટા કંપની ટિકરપ્લાન્ટે ક્રીપ્ટોવાયર ક્ષેત્રનો વિકાસ કરવા માટે ગૂગલ ક્લાઉડ સાથે સહયોગ સાધ્યાની ગુરુવારે જાહેરાત કરી હતી. આ સમજૂતી કરાર દ્વારા ક્રીપ્ટો અને બ્લોકચેઇન ઉદ્યોગના તમામ લોકોને એકસમાન માધ્યમ પર સર્વિસીસ પ્રાપ્ત થઈ શકશે.

ટિકરપ્લાન્ટના સ્પેશિયલ બિઝનેસ યુનિટ - ક્રીપ્ટોવાયરની સ્થાપના વૈશ્વિક માધ્યમ તરીકે કરવામાં આવી છે, જે નવા ડિજિટલ એસેટ ક્લાસ એટલે કે ક્રીપ્ટોકરન્સી ઉપરાંત બ્લોકચેઇન ટેક્નોલોજી તથા તેના ઉપયોગના વિષયને લોકો માટે સમજવામાં સહેલો બનાવવાનો ઉદ્દેશ્ય ધરાવે છે. આ નવા ક્ષેત્રે ઉત્સુક વ્યક્તિઓ તથા પ્રોફેશનલ્સ સમજદારીપૂર્વક બિઝનેસના નિર્ણયો લઈ શકે એ હેતુથી ઉંડાણપૂર્વકની માહિતી તથા અદ્યતન જ્ઞાન આપવા ગૂગલ ક્લાઉડ સાથે સહયોગ સાધવામાં આવ્યો છે.

ક્રીપ્ટો એસેટ અને બ્લોકચેઇન ટેક્નોલોજી વિશે ક્રીપ્ટોવાયરનાં અદ્યતન પોર્ટલ - ક્રીપ્ટો ટીવી અને ક્રીપ્ટો યુનિવર્સિટી મારફતે ટેક્નોલોજી અને જ્ઞાન પૂરું પાડવામાં આવશે. આ દિશામાં ટિકરપ્લાન્ટ ગૂગલ ક્લાઉડના સક્ષમ અને ઉત્કૃષ્ટ ડેટા મેનેજમેન્ટ ઈન્ફ્રાસ્ટ્રક્ચરનો ઉપયોગ કરશે. તેના મારફતે ક્રીપ્ટોવાયરની એપ્લિકેશન્સનો વિસ્તાર કરવામાં આવશે.

ટિકરપ્લાન્ટના સીઈઓ જિગીશ સોનગરા આ સહયોગ વિશે જણાવે છે, ધક્રીપ્ટો અને બ્લોકચેઇન માર્કેટ અતિશય ઝડપી ગતિએ આગળ વધી રહી છે. આવામાં રિયલ ટાઇમ ધોરણે આવશ્યક ટેક્નોલોજી પૂરી પાડી શકે એવા સહયોગીની જરૂર હતી.